GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
છેલ્લા 32 વર્ષથી સમગ્ર ગુજરાતમાં પાવર જનરેશન ક્ષેત્રે અગ્રણી
સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા
▸ When the worlds sleeps
▸ Our power keeps working
▸ Ensures uninterrupted Performance
▸ 24x7 service
▸ 365 days a year
▸ Because downtime is not an option
▸ Soundless power
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
૩૧-૦૩-૨૦૨૬ પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો ૨ + ૩ વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૨૯ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ બારસ, સોમવાર ૩૦ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

## વીજળી અને ઇંધણ બચાવવા માટે સ્માર્ટ લોકડાઉન લાદવા પ્રાંતિય સરકારોને પ્રસ્તાવ મોકલાવ્યો

# પાકિસ્તાનમાં વિકેન્ડ લોકડાઉન લાદવાની તૈયારી

**દર અઠવાડિયે શનિવાર બપોરથી રવિવાર મધ્યરાત્રિ સુધી સમગ્ર પાકિસ્તાનમાં પ્રતિબંધો લદાશે**

**સપ્તાહના બે દિવસ લોકડાઉન લાદવાના નિર્ણયનો અમલ ચોથી અપ્રિલથી લાગુ થવાની સંભાવના**

**પાકિસ્તાન સરકારની સ્પષ્ટતા : રાજ્યો સાથે પરામર્શ કર્યા પછી જ આ નિર્ણય લેવામાં આવશે**

**ઈસ્લામાબાદ, તા. 29 :** પાકિસ્તાન સરકાર દેશભરમાં ઉર્જા અને ઈંધણનો વપરાશ ઘટાડવા માટે દર અઠવાડિયે બે દિવસનું 'સ્માર્ટ લોકડાઉન' લાદવાનું વિચારી રહી છે. આ લોકડાઉન હેઠળ, બજારો, ઓફિસો અને બધી બિન-આવશ્યક સેવાઓ બંધ રહેશે. એક તરફ આ પગલાં લેવાનું વિચારતી પાકિસ્તાનની શાહબાઝ સરકાર બીજીતરફ તેલ અને ગેસ સપ્લાય માટે ઈરાન સાથે સોદો કરવાનો દાવો કરી રહ્યું છે. લોકડાઉન સંબંધિત અહેવાલો અંગે જો કે મોડેથી એવો ખુલાસો કરાયો હતો કે રાજ્યો સાથે પરામર્શ કર્યા પછી જ આ અંગે નિર્ણય લેવાશે. દુનિયા ન્યૂઝે સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાન સરકારે આ પ્રસ્તાવ પ્રાંતીય સરકારો તેમજ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને ગિલગિટ-બાલ્ટિસ્તાનના અધિકારીઓ સાથે શેર કર્યો છે, જેથી કોઈપણ નિર્ણય લેતા પહેલા તેમનો અભિપ્રાય મેળવી શકાય. પ્રસ્તાવિત યોજના હેઠળ, દર અઠવાડિયે શનિવાર બપોરથી રવિવાર મધ્યરાત્રિ સુધી સમગ્ર પાકિસ્તાનમાં પ્રતિબંધો લાદવામાં આવશે. આ સમયગાળા દરમિયાન, લગ્ન સહિતની તમામ વ્યાપારી પ્રવૃત્તિઓ સ્થગિત રહેશે, જ્યારે બજારો, ઓફિસો અને અન્ય બિન-આવશ્યક સેવાઓ બંધ રહેશે. તેમાં ઉમેરવામાં આવ્યું છે કે ફક્ત

...અનુસંધાન પાના 2 પર





### પાકિસ્તાન એરલાઇન્સ પણ મુશ્કેલીમાં

પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ (PIA) એક મોટા સંકટનો સામનો કરી રહી છે. PIA કન્સોર્ટિયમના ચેરમેન આરિફ હબીબે જણાવ્યું છે કે જો જેટ ઇંધણના ભાવમાં વધારો થતો રહેશે તો એરલાઇનને બંધ કરવાની ફરજ પડી શકે છે. તાજેતરના દિવસોમાં જેટ ઇંધણ (JP-1) ના ભાવમાં તીવ્ર વધારો થયો છે. 21 માર્ચથી, તેની કિંમત 388 રૂપિયા પ્રતિ લિટરથી વધીને 472 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે, જે 84 રૂપિયા અથવા આશરે 21.65% નો વધારો છે. ૧ માર્ચથી, જેટ ઇંધણના ભાવમાં લગભગ ૧૫૦%નો વધારો થયો છે, જે અગાઉ પ્રતિ લિટર રૂ. ૧૯૦ હતો. યુએસ-ઈરાન યુદ્ધને કારણે વૈશ્વિક પુરવઠામાં અનિશ્ચિતતાને કારણે આ વધારો અઘોષિત હોવાનું કહેવાય છે. આનાથી પીઆઈએના ખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે અને એરલાઇન માટે ટકી રહેવું મુશ્કેલ બની શકે છે.

## અર્થતંત્રની ગતિ ધીમી પડી છે: નાણા મંત્રાલયની કબૂલાત

**આનું** સૌથી મોટું કારણે પશ્ચિમ એશિયાનો તનાવ અને ક્રૂડ ઓઇલના વધતા ભાવો

**નવી દિલ્હી, તા. 29:** નાણા મંત્રાલયે માર્ચ 2026નો તેનો માસિક આર્થિક સમીક્ષા અહેવાલ જાહેર કર્યો છે. આ અહેવાલ મુજબ, ભારતીય અર્થતંત્રની ગતિ હવે ધીમી પડી ગઈ છે. તેનું સૌથી મોટું કારણ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ અને આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા ખનિજ તેલની વધતી કિંમતો છે. મંત્રાલયે સ્વીકાર્યું છે કે આ બાહ્ય આંચકાઓને કારણે દેશની અંદર ઇનપુટ કોસ્ટ એટલે કે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે, જેનાથી આર્થિક પ્રવૃત્તિઓ પર દબાણ દેખાઈ રહ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ફેબ્રુઆરી 2026 સુધી ભારતીય ઇકોનોમી ઘણી મજબૂત સ્થિતિમાં હતી. ઘરેલું માંગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તરણ અને સરકારી નીતિઓની મદદથી પુરવઠા અને માગ બંને મોરચે પ્રદર્શન સારું રહ્યું હતું. મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં વૃદ્ધિ જળવાઈ રહી હતી, જ્યારે વાહનોના વેચાણ અને ડિજિટલ પેમેન્ટ્સમાં પણ સતત ગ્રોથ નોંધાયો હતો. મંત્રાલયના જણાવ્યા અનુસાર, માર્ચ 2026થી વૈશ્વિક પરિસ્થિતિ બદલાવા લાગી છે. પશ્ચિમ એશિયામાં તણાવ વધવાથી એનર્જી માર્કેટ અને લોજિસ્ટિક્સ પર માઠી અસર પડી છે, જેની સીધી અસર ભારતના પ્રોડક્શન સેક્ટર પર થઈ છે. રિપોર્ટમાં ઈ-વે બિલ જનરેશનમાં આવેલી કમી અને ફ્લેશ PMI (પરચેઝ મેનેજર ઈન્ડેક્સ) ના નબળા

...અનુસંધાન પાના 2 પર

## ઈઝરાયેલ પર ઈરાનના ભીષણ હુમલા : બીરશેબામાં ભારે આગ

**એક** સાથે અનેક મિસાઇલો ઝિંકાઇ, લાખો લોકો શેલ્ટરોમાં ભરાયા

**બીરશેબા** નજીક ઔદ્યોગિક વિસ્તારમાં મોટી આગ ફાટી નિકળી, જાનહાનિના કોઇ અહેવાલ નહીં

**તેલ અવીવ, તા. 29:** ઈરાને દક્ષિણ ઈઝરાયેલ પર ભીષણ મિસાઈલ હુમલો કર્યો છે, જેમાં બીરશેબા નજીકના એક ઔદ્યોગિક વિસ્તારને નિશાન બનાવવામાં આવ્યો હતો. નિયોટ હોવવ ઈન્ડસ્ટ્રિયલ ઝોનમાંથી ઘટ્ટ ધુમાડાના ગોટા ઉઠતા જોવા મળ્યા હતા, જ્યારે ઈમરજન્સી ટીમો આગ પર કાબૂ મેળવવા માટે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ઈઝરાયેલી બચાવ સેવાઓના જણાવ્યા અનુસાર, આટલી મોટી ઘટના હોવા છતાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઈરાને રવિવારે ઈઝરાયેલ પર

...અનુસંધાન પાના 2 પર



### કુવૈત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડ્રોનથી હુમલો

કુવૈત આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર અનેક ડ્રોન હુમલા થયા હતા જેના કારણે તેની રડાર સિસ્ટમને નુકસાન થયું હતું; જોકે, કોઈ જાનહાનિ થઈ નથી. કુવૈતના નાગરિક ઉડ્ડયન સત્તામંડળના પ્રવક્તાએ પાછળથી જણાવ્યું હતું કે આ હુમલાઓ ઈરાન, તેના પ્રોક્સીઓ અને તેના સમર્થનવાળા સશસ્ત્ર જૂથો દ્વારા કરવામાં આવ્યા હતા.

## ન્યૂઝ બ્રીફ

### વધુ બે ભારતીય એલપીજી ટેન્કરો હોર્મુઝ પાર કરી ગયા

**નવી દિલ્હી.** દેશના રાંધણ ગેસનો લગભગ એક દિવસનો પુરવઠો વહન કરી રહેલા વધુ બે ભારતીય ધ્વજ ધરાવતા એલપીજી ટેન્કરો યુદ્ધગ્રસ્ત હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે અને આગામી બે દિવસમાં ભારતીય કિનારે પહોંચે તેવી અપેક્ષા છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે, "બે એલપીજી કેરિયર્સ, બીડબ્લ્યુ ટીવાયઆર

...અનુસંધાન પાના 2 પર

### છત્તીસગઢમાં 5 લાખનું ઇનામ ધરાવતો નક્સલવાદી ઠાર

**સુકમા :** કેન્દ્ર સરકાર દ્વારા દેશમાંથી ડાબેરી ઉગ્રવાદ (નક્સલવાદ) નાબૂદ કરવા માટે નક્કી કરવામાં આવેલી 31 માર્ચની સમયમર્યાદાના બે દિવસ પહેલા રવિવારે છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 5 લાખ રૂપિયાનું ઇનામ ધરાવતો એક નક્સલવાદી માર્યો ગયો હોવાનું પોલીસે જણાવ્યું હતું. સુકમા પોલીસ અધિક્ષક

...અનુસંધાન પાના 2 પર

### યુપીમાં દુકાનમાંથી કેન્ડી ચોરવા બદલ પિતાએ પુત્રીને મારી નાખી

**બુલંદશહેર (UP).** પોલીસે રવિવારે એક વ્યક્તિની અહીં એક કરિયાણાની દુકાનમાંથી કેન્ડીનું પેકેટ ચોરવા બદલ તેની 12 વર્ષની પુત્રીને લાકડીથી મારીને તેની હત્યા કરવાના આરોપમાં ધરપકડ કરી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, 27 માર્ચે રતનપુર

...અનુસંધાન પાના 2 પર

## ખટલા વગરનો જેલવાસ એ એક સજા જ છે : સુપ્રીમ કોર્ટ

**ટ્રાયલ** શરૂ થયા વિના બે વર્ષથી જેલમાં સબડતા હત્યાના પ્રયાસના કેસના એક આરોપીને સર્વોચ્ચ અદાલતે જામીન પર મુક્ત કરવાનો શરતી આદેશ આપ્યો

**નવી દિલ્હી, તા. 29 (PTI):** ટ્રાયલ વગરનો જેલવાસ એ સજા સમાન છે તેવું અવલોકન કરતા, સુપ્રીમ કોર્ટે હત્યાના પ્રયાસના કેસમાં પંજાબના એક રહેવાસીને જામીન આપ્યા છે. કોર્ટે નોંધ્યું હતું કે ખટલો શરૂ થયા વિના જ તેણે બે વર્ષ જેલમાં વિતાવ્યા હતા. જસ્ટિસ દીપાંકર દત્તા અને પી.વી. વરાલેની બેન્ચે તેના તાજેતરના આદેશમાં જણાવ્યું હતું કે, પ્રદીપ કુમાર ઉર્ફે બાનુ સામે ફેબ્રુઆરી 2024માં હત્યાના પ્રયાસ સહિતના વિવિધ ગુનાઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો, પરંતુ પ્રોસિક્યુશન હજુ સુધી આ કેસ સંબંધિત 23 સાક્ષીઓમાંથી એકની પણ તપાસ કરી શક્યું નથી. અદાલતે કુમારની જામીન અરજી ફગાવી દેતા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના 11 જુલાઈ, 2025ના આદેશને રદ કર્યો હતો. બેન્ચે તેના 13 માર્ચના આદેશમાં જણાવ્યું હતું કે, પ્રોસિક્યુશન અપીલકર્તા વિરુદ્ધના આરોપો સાબિત કરવા માટે 23

...અનુસંધાન પાના 2 પર

## કાશ્મીર, હિમાચલ પ્રદેશના પર્વતીય વિસ્તારોમાં નવેસરથી હિમવર્ષા

**નીચાણવાળા** અને મેદાની વિસ્તારોમાં હળવો વરસાદ, પંજાબમાં પણ વરસાદ, દિલ્હી માટે યલો એલર્ટ

**શ્રીનગર, 29 (PTI):** કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં તાજી હિમવર્ષાને કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો બંધ કરી દેવામાં આવ્યા છે, જ્યારે ખીણના મેદાની વિસ્તારોમાં વરસાદ પડ્યો હોવાનું હવામાન વિભાગે રવિવારે જણાવ્યું હતું. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ, ગુલમર્ગ, પહેલગામ, યુસમર્ગ, ગુરેઝ, રાજદાન ટોપ અને સોનમર્ગ-ઝોજિલા એક્સિસ સહિતના ઉંચાણવાળા વિસ્તારોમાં રાતોરાત હળવોથી મધ્યમ હિમવર્ષા થઇ હતી, તેમ અધિકારીઓએ

...અનુસંધાન પાના 2 પર




## મંત્રણાઓના દોર વચ્ચે ભૂમિ આક્રમણ સામે અમેરિકાને ઈરાનની ચેતવણી

**ઇરાનની** જમીન પર ઉતરનાર અમેરિકી સૈનિકોને જીવતા સળગાવી દેવાની ચેતવણી

**મંત્રણાઓના** વિવિધ દોર ચાલુ, છતાં હાલ તુરંત શાંતિના કોઇ અણસાર નહીં

**દુબઈ, તા. 29 (AP):** એક ટોચના ઈરાની અધિકારીએ અમેરિકાને જમીની આક્રમણ સામે ચેતવણી આપતા કહ્યું છે કે અમેરિકન સૈનિકોને સળગાવી દેવામાં આવશે. આ દરમિયાન, રવિવારે પાકિસ્તાનમાં પ્રાદેશિક રાજદ્વારીઓ મહિનાભરથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાના પ્રયાસરૂપે એકઠા થયા હતા.

ઈરાનની સંસદના સ્પીકર મહોમ્મદ બાગેર કાલીબાફે સપ્તાહના અંતે યોજાયેલી મંત્રણાઓને એક 'દેખાવ' ગણાવી ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે અમેરિકા મધ્ય પૂર્વમાં વધારાના સૈનિકો મોકલી રહ્યું છે. ઈરાની સરકારી મીડિયાના જણાવ્યા અનુસાર, તેમણે કહ્યું કે ઈરાન પોતાની ધરતી પર કોઈપણ અમેરિકન દળોનો સામનો કરવા તૈયાર છે અને અમેરિકી સૈનિકો તેમજ વોશિંગ્ટનના પ્રાદેશિક સાથી દેશો બંને સામે સખત પ્રતિક્રિયા આપશે.

### ઇઝરાયેલી, અમેરિકી યુનિવર્સિટીઓને લક્ષ્ય બનાવવાની ઇરાનની ચેતવણી

ઇઝરાયેલના હવાઈ હુમલામાં પરમાણુ સંશોધન અને વિકાસ માટે ઉપયોગમાં લેવાતી હોવાના દાવા સાથેની ઇરાનની કેટલીક યુનિવર્સિટીઓને નિશાન બનાવવામાં આવ્યા બાદ, રવિવારે ઈરાને વધુ સંઘર્ષ વધવાની ચેતવણી આપી હતી. પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડે એક નિવેદનમાં ચેતવણી આપી હતી કે, જો ઈરાની યુનિવર્સિટીઓની સુરક્ષાની ખાતરી આપવામાં નહીં આવે,

...અનુસંધાન પાના 2 પર

### હૂથીઓ યુદ્ધમાં જોડાતા નવી ચિંતા ઉભી થઇ

ઇરાન યુદ્ધમાં અત્યાર સુધી શાંત રહ્યા બાદ યમનના હૂથી બળવાખોરો પણ હવે ઇરાનના ટેકામાં યુદ્ધમાં જોડાયા છે અને ઇઝરાયેલ પર હુમલા કર્યા છે. હૂથીઓની સક્રિયતાથી નવી ચિંતા ઉભી થઇ છે. જો હૂથીઓ ફરીથી વ્યાપારી જહાજો પર હુમલામાં વધારો કરશે, તો

...અનુસંધાન પાના 2 પર

## સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને તુર્કીના વિદેશ મંત્રીઓ પાકિસ્તાનમાં

**પશ્ચિમ** એશિયામાં તનાવ ઘટાડવા માટેની બે દિવસ ચતુષ્કોણીય સમિટમાં ભાગ લેવા પાકિસ્તાન આવ્યા છે

**ઈસ્લામાબાદ, તા. 29 (PTI):** પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને ઘટાડવાના માર્ગો શોધવા માટે આયોજિત બે દિવસીય ચતુષ્કોણીય સમિટમાં ભાગ લેવા માટે સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને તુર્કીના વિદેશ મંત્રીઓ રવિવારે પાકિસ્તાનમાં છે. ઈજિપ્તના વિદેશ મંત્રી બદ્ર અબ્દેલાત્તી અને તુર્કીના

...અનુસંધાન પાના 2 પર



## ઈંધણ, એલપીજી પુરવઠો સુનિશ્ચિત કરવા સરકાર પગલાં ઝડપી બનાવ્યા

**લોકોને** પેટ્રોલ, ગેસ વગેરેની ગભરાટભરી ખરીદીઓ નહીં કરવા વિનંતી

**નવી દિલ્હી, તા. 29 (PTI):** હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાને કારણે ઈંધણ અને ગેસ પુરવઠો સુરક્ષિત કરવા માટે સરકારે પગલાં તેજ કર્યા છે, સાથે જ ફ્યુઅલ સ્ટેશનો પર છૂટાછવાયા ધસારાના અહેવાલો વચ્ચે નાગરિકોને ગભરાઈને ખરીદી ન કરવા વિનંતી કરી છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ બાદની સ્થિતિ અંગે અપડેટ આપતા ઓઇલ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રિફાઈનરીઓ પૂરતી ક્રૂડ ઈન્વેન્ટરી સાથે ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે અને દેશભરમાં પેટ્રોલ અને ડીઝલનો સ્ટોક પૂરતો છે. અફવાઓને કારણે કેટલાક રાજ્યોમાં માંગમાં કામચલાઉ ઉછાળો આવ્યો હોવા છતાં, રિટેલ

...અનુસંધાન પાના 2 પર

## રૂપિયાની નબળાઇથી વિદેશમાં ભારતીયો પરંપરાગતની સાથે વિચિત્ર પાર્ટ ટાઇમ જોબ પણ કરવા માંડ્યા

**વિદેશમાં** અભ્યાસ અર્થે ગયેલા વિદ્યાર્થીઓમાંથી કેટલાકે કૂતરાઓને ફેરવવાનું કામ સ્વીકાર્યું તો કેટલાક બેબીસીટર બન્યા

**નવી દિલ્હી, તા. 29 :** રૂપિયાના સતત ઘટાડાને કારણે વિદેશમાં અભ્યાસ વધુ મોંઘો બન્યો છે. જીવનનિર્વાહનો ખર્ચ પણ વધી રહ્યો છે, જેના કારણે ભારતથી વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ પોતાના ખર્ચાઓ પૂરા કરવા માટે વિવિધ પ્રકારની પાર્ટ-ટાઇમ નોકરીઓ અપનાવી રહ્યા છે. પહેલા, ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરતી વખતે કાફે, રિટેલ સ્ટોર્સ અને રેસ્ટોરન્ટમાં કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. જોકે, હવે તેઓએ ઓનલાઈન સેવાઓ આપવાનું શરૂ કર્યું છે, જે આવકનો સારો સ્રોત બની ગઈ છે.

ઇકોનોમિક ટાઈમ્સ સાથે વાત કરતા, વિદેશમાં અભ્યાસના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ઓનલાઈન ટ્યુટરિંગ, ડિઝાઇન, કોડિંગ ક્લાસ, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, કન્ટેન્ટ રાઇટિંગ, વિડીયો અને પોડકાસ્ટ એડિટિંગ અને યુનિવર્સિટીમાં પેઇડ રિસર્ચ કરવું ભારતીયોમાં લોકપ્રિય બન્યું છે. AI નો વધતો ઉપયોગ રિમોટ વર્કનો વિકલ્પ પણ વધારી રહ્યો છે, જેનાથી વિઝા નિયમોનું ઉલ્લંઘન કર્યા વિના કામ કરવાનું સરળ બને છે. આશ્ચર્યજનક વાત એ છે કે ભારતીય વિદ્યાર્થીઓ હવે ફક્ત ડેસ્ક જોબમાં જ નહીં, પરંતુ કેટલીક બિનપરંપરાગત નોકરીઓમાં પણ કામ કરી રહ્યા છે. આમાં યુનિવર્સિટી હોસ્પિટલોમાં મેડિકલ અથવા ફોકસ ગ્રુપ સ્ટડીઝમાં ભાગ લેવાનો સમાવેશ થાય છે. કૂતરાઓને ફરવા લઇ જવાનું કે પાલતુ પ્રાણીઓને માવજત કરવા અને બેબીસીટીંગ જેવી પાર્ટ ટાઇમ

...અનુસંધાન પાના 2 પર



### હવામાન

તા. ૨૯-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૨° સે. | ૨૫.૪° સે. | ૫૧% |